ગાંધીનગર સમાચાર

સે-૧૭ની પ્રાથમિક શાળા સે-૨૨ સાથે ભેળવી દેવા નિર્ણય

# દહેગામના નાંદોલમાં પણ પાંચને લકવાની અસર

## ધારીસણા-નાંદોલ ગામે અસરગ્રસ્તોની મુલાકાત લેતા આરોગ્યમંત્રી : નમૂના વડોદરા તપાસ માટે મોકલાયા

ગાંધીનગર, તા. ૨

દહેગામ તાલુકાના ધારીસણા બાદ હવે નાંદોલમાં પણ પાંચ વ્યક્તીને મોયેલા ઘઉં ખાતાં લકવાની અસર જણાતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે. દહેગામ ધારીસણા અને આજે નાંદોલમાં આવા કેસ ધ્યાને આવતાં સરકારે પણ તંત્રના અધિકારીઓને યોગ્ય તપાસ કરવાની સૂચનાઓ આપી છે.

ધારીસણા અને નાંદોલમાં આ મોયેલા ઘઉંથી ૧૫ જેટલી વ્યક્તીઓને લકવાની અસર થવા પામી છે.

દરમ્યાન દહેગામના ધારીસણા અને નાંદોલ ખાતે દિવેલ મોવેલા ઘઉ ખાવાના કારણે બે પરિવારના દસથી વધુ સભ્યોને લકવાની અસર થતાં રાજ્યના આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આજે અસરગ્રસ્ત પરિવારોની રૂબરૂ મુલાકાત લઈને તેઓને સમયસર સારવાર અને દવાઓ સહિતની તમામ પ્રકારની સુવિધાઓ રાજ્ય સરકાર પુરી પાડશે તેવી હૈયાધારણા આપી હતી.

મંત્રીશ્રી પટેલે નાંદોલ ખાતે રમેશભાઈ ભીમજીભાઈ પટેલ તથા ધારીસણા ખાતે સૈયદ મેરૂમિયા બાબુમિયાના પરિવારોને રૂબરૂ મળીને તેઓની ખબરઅંતર પુછ્યા હતા અને અસરગ્રસ્તો દ્વારા જણાવાયું હતું કે તેઓશ્રી દ્વારા ૨૦ દિવસ પહેલા દહેગામ ખાતેથી લુઝ દિવેલ લેવામાં આવ્યું હતું. જેનાથી ઘઉ મોવ્યા હતા અને આ અસર થઈ હતી. મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા તેમને તાત્કાલિક આરોગ્ય સવલતો સહિત ફીઝીયોથેરાપીની પણ સગવડ દહેગામ ખાતે જ લાયન્સ ક્લબના સેન્ટરમાં પુરી પાડવા જણાવ્યું હતું.

ત્યારબાદ મંત્રીશ્રીએ દહેગામ ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક અધિકારીઓ અને ફુડ એન્ડ ડ્રગના અધિકારીઓની તાકીદની બેઠક યોજી હતી અને વિભાગ દ્વારા કરાયેલ કામગીરીની વિસ્તૃત વિગતો મંત્રીશ્રીને આપી હતી અને જણાવ્યું હતું કે, અગાઉ પણ દહેગામ તાલુકામાં આવો બનાવ બન્યો હતો અને આ બનાવના પણ સેમ્પલ લઈને વડોદરાની લેબોરેટરીમાં તથા ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં પણ ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે. આ બેઠકમાં પ્રાંત અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ગાંધીનગરને પણ અસરગ્રસ્ત પરિવારોને સમયસર સારવાર પુરી પાડવા મંત્રીશ્રીએ સૂચનાઓ આપી હતી.

**રાંધણ છઠ્ઠનું કાઉન્ટ-ડાઉન -** રાંધણ છઠ્ઠના આગમનના પગલે શહેરનું શાકમાર્કેટ શાકભાજીથી અને ગૃહિણીઓથી છલકાયું હતું... શહેરના શાકમાર્કેટમાં આજે મોટાભાગના લીલા શાક જથ્થાબંધ રીતે ઠલવાયા હતા... પ્રમાણમાં તાજા અને સસ્તા શાક ખરીદવા ગૃહિણીઓ એક દિવસ પહેલા બજારમાં ઉમટી હતી... (તસવીર : કશ્યપ નિમાવત)

## સામાન્ય સભાના પગલે જિલ્લા પંચાયત ભાજપના સભ્યોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના ભાજપના સભ્યોની એક બેઠક જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના સત્તાવાર નિવાસસ્થાને મળી હતી.

શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં ૪થીના રોજ યોજાનાર સામાન્ય સભાને લઈ વ્યુહરચના તૈયાર કરવામાં આવી હતી.

આ બેઠકમાં સૌ સભ્યોને વિકાસના કામોનું મોનીટરીંગ કરી લોકસંપર્ક પર વિશેષ ધ્યાન આપવા પર પણ ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. તેમજ વિકાસના કામો જે મંજૂર કરાયેલા છે તે સમયસર શરૂ થઈ જાય તે જોવા પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં પંચાયતની સામાન્ય સભાના મુદ્દાઓને લઈ પણ ચર્ચા-વિચારણા

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૭ની પ્રાથમિક શાળા સે-૨૨ સાથે ભેળવી દેવા નિર્ણય

## એક સપ્તાહમાં મર્જર અંગેની પ્રક્રિયા પૂરી કરાશે બાળકોની સંખ્યા ઓછી હોવાથી લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની સે. ૧૭ની પ્રાથમિક શાળામાં બાળકોની સંખ્યા ઘટી જતાં આ શાળાને સે. ૨૨ની પ્રા. શાળા સાથે ભેળવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સે. ૨૨માં આ બીજી પ્રા. શાળા ભેળવવામાં આવી રહી છે. અગાઉ સે. ૨૨ની જ એક પ્રા. શાળા ભેળવવામાં આવી હતી.

સે. ૧૭ની પ્રા. શાળામાં બાળકોની સંખ્યા રોજ-બરોજ ઘટતી જતી હતી. હાલ આ શાળામાં ૧૫થી પણ ઓછા બાળકો હોવાથી સરકાર દ્વારા આ શાળાને સે. ૨૨ની શાળા સાથે ભેળવી દેવામાં આવી છે.

શાસનાધિકારી ગાંધીનગર શહેર દ્વારા આ અંગેના જરૂરી હૂકમો કરી દેવામાં આવ્યા છે. આગામી સપ્તાહથી હવે સે. ૧૭ની પ્રા. શાળાના બાળકો સે. ૨૨ની પ્રા. શાળામાં અભ્યાસ માટે જશે.

સે. ૧૭ની આ પ્રાથમિક શાળા ભેળવી દેવાના નિર્ણયને પગલે હવે ગાંધીનગર શહેર હસ્તકની પ્રા. શાળાની સંખ્યા ૩૪માંથી ઘટીને ૩૩ થશે.

સરકારી શાળાઓમાં બાળકોનું નામાંકન ઘટી રહ્યું છે તો બીજી તરફ ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે પડાપડી થઈ રહી છે. તમામ સુવિધાઓ વચ્ચે પણ સરકારી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ નહિ મળતુ હોવાની ફરિયાદો વાલીઓ દ્વારા થઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દસકામાં ચાર શાળાઓ ભેળવી દેવામાં આવી છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે પણ ટુંકમાં જ નિર્ણય લેવામાં આવશે તેવા સંકેતો શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

# જિલ્લામાં શ્રેષ્ઠ શાળાની પસંદગી માટે હરિફાઈ યોજાશે

## શ્રેષ્ઠ શાળાને રૂપિયા ૧ લાખનુ ઈનામ અપાશે : રાજય કક્ષાએ પસંદગી પામેલી પ્રથમ ત્રણ શાળાને પણ ઈનામ એનાયત કરાશે

ગાંધીનગર તા ૨

રાજય તેમજ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળાઓને પુરસ્કૃત કરવામાં આવશે. શિક્ષણ વિભા દ્વારા આ અન્વયે પરિપત્ર કરી દેવાયો છે. જયારે શ્રેષ્ઠ શાળાઓની આ હરિફાઈમાં વધુ શાળાઓ ભાગ લે તે માટે પણ અનુરાધ કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કક્ષાની પ્રથમ ત્રણ શ્રેષ્ઠ શાળાને રૂપિયા ૧ લાખનુ ઈનામ આપવામાં આવશે.

શિક્ષણ વિભાગના સુયકત શિક્ષણ નિયામક આર એમ પગીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યા મુજબ રાજય તેમજ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળાઓની હરિફાઈનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમા રાજય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામનાર શાળાઓને

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રાફિક પોલીસે છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાંથી ૧.૯૭ કરોડનો દંડ વસુલ્યો

## ટ્રાફિક નિયમનના ભંગ બદલ વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવી

ગાંધીનગર તા ૨

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફિક નિયમનના અભાવે પૈડા પરની જીન્દગી વધુ જોખમી બની છે. જયારે માર્ગ પર બેફામ ગતિએ દોડતા વાહનો ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરીને માર્ગ સલામતીને જોખમમાં મુકતા માર્ગ અકસ્માતનો મૃત્યુ આંક પણ શિક્ષિત સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. જિલ્લામાં ટ્રાફિક નિયમનના અમલ માટે ટ્રાફિક પોલીસ દ્વારા દંડ વસુલી કરવામાં આવી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા ટ્રાફિક પોલીસે ૧,૯૭,૫૫૦૦૦નો દંડ વસુલ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સલામતીની દ્રષ્ટીએ ચિંતાજનક ચિત્ર ઉપસી આવ્યુ છે. પ્રતિવર્ષ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જયારે વાહનચાલકોને ટ્રાફિક નિયમનન અંગે જાગૃત કરવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આમછતા નગરજનોમાં ટ્રાફિક સેન્સ તેમજ નિયમનનો ભારોભાર અભાવ વર્તાય છે. જેના પરિણામે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જિલ્લામાં જોખમી સ્થિતિ સર્જાઈ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. જિલ્લામાં પૈડા પરની જીન્દગી જોખમી બની છે. જયારે માર્ગ સલામતીને અનુલક્ષીને સરકાર કક્ષાએથી પણ હજુ અસરકારક પગલા લેવામાં ઘણુ ઘટતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયમનના જરૂરી અમલીકરણ માટે નિયમોને નેવે મુકી બેફામ દોડતા વાહનચાલકો પાસેથી દંડ વસુલી કાર્યવાહી કરવામાં આવે છે. વિધાનસભા ગૃહમાં રજુ થયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ છેલ્લા ૫ વર્ષમાં જિલ્લામાં નિયમોનો ભંગ કરીને બેફામ દોડતા વાહન ચાલકો પાસેથી જિલ્લા ટ્રાફિક પોલીસે રૂપિયા ૧.૯૭ કરોડથી વધુ રકમનો દંડ વસુલ્યો છે. જેમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૬,૫૧,૬૦૦ વર્ષ ૨૦૧૧-૧૨માં ૫૧,૬૧,૩૨૫ વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૪,૦૮,૩૫૦ જયારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૦,૭૩,૩૭૫ અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૪,૬૦,૩૫૦ થઈને પાંચ વર્ષમાં કુલ રૂપિયા ૧ કરોડ ૯૭ લાખ ૫૫ હજારની દંડ વસુલી કરવામાં આવી છે.

(તસવીર : દિપક જાની)

**શહેરનો આર્થિક વ્યવહાર ખોરવાયો -** દેશ વ્યાપી બેંક કર્મચારીઓની હડતાલના પગલે શહેરની મોટાભાગની રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓએ હડતાલ પાડી હતી. શહેરનો કરોડો રૂપિયાનો આર્થિક વ્યવહાર ખોરવાયો હતો. પગારના દિવસોમાં બેંકોની હડતાલથી મધ્યમવર્ગીય સમાજ ભારે હાલાકીમાં મુકાઈ ગયો હતો. ખાસ કરીને પેન્શનરો માટે પણ મુશ્કેલીનો દિવસ હતો. કેટલીક બેંકોના કર્મચારીઓ આજની હડતાલથી અળગા રહ્યા હતા તો કેટલીક બેંકોના કર્મચારીઓ હડતાળમાં જોડાતા ખાતેદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

# નવા સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ દિવાળી બાદ હાથ ધરાશે

## ૪ વર્ષથી વધુ સમયના અંતે સે-૧થી ૫ના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. શહેરના સે ૧ થી ૫ માં માર્ગોના રીસરફેસીંગની કામગીરીને ૪ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. જયારે નવ વિકસિત સેકટરોમાં રસ્તાઓની સપાટી પણ ખરબચડી બની ગઈ છે. જયારે આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે. આગામી દિવાળી બાદ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોની દશા પણ ઉબડખાબડ બની છે. વરસાદી દિવસો દરમિયાન શહેરના માર્ગોને પણ નુકશાન થયુ છે. જયારે નિયત સમયગાળો પુર્ણ થઈ ગયો હોય તેવા માર્ગોની હાલત વધુ બિસ્માર બની છે. આવા સંજોગોમાં શહેરના રસ્તાઓને અનુલક્ષી જરૂરી કામગીરી હાથ ધરવાનુ અનિવાર્ય બન્યુ છે. નગરના મુખ્ય ૬ માર્ગનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. જયારે સેકટરોના આંતરિક રસ્તાઓના કામો માટે પણ તંત્ર દ્વારા અગાઉ દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૧ થી ૫ના આંતરિક માર્ગો ઉપરાંત સે ૬ થી ૧૯ના કેટલાક આંતરિક રસ્તાઓની સુધારણાનુ

● અનુસંધાન પાન-૭ પર


## હાર્દિક અભિનંદન

**શ્રી શૈલેન્દ્રસિંહ બી. બિહોલા**
(વિપક્ષ નેતા, ગાંધીનગર મહાનગરપાલિકા)

આપની ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષના નેતા તરીકે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન... આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા સહ...

લી.
વાઘેલા અરવિંદસિંહ બી. વાઘેલા અર્જુનસિંહ કે.
વાઘેલા જસવંતસિંહ એમ. વાઘેલા રણજીતસિંહ એચ.
વાઘેલા મહિપતસિંહ સી. વાઘેલા વિક્રમસિંહ એ.
વાઘેલા દશરથસિંહ એસ. વાઘેલા રતનસિંહ બી.
પેથાપુર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com